# BRAMPTON Service and Information Update

## સુઝાન ફેનેલ સ્પોર્ટ્સપ્લેક્સના એક ભાગમાં બાંધકામ થવાનું છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (જુલાઇ 13, 2022) – રિક્રિએશન સેન્ટરના જીર્ણોદ્ધારને લગતી બાંધકામ કામગીરી કરવા સુઝાન ફેનેલ સ્પોર્ટ્સપ્લેક્સનો એક ભાગ જીર્ણ થવાને લીધે જાહેર જનતા માટે બંધ કરવામાં આવશે. સુઝાન ફેનેલ સ્પોર્ટ્સપ્લેક્સમાં બાંધકામ સમુદાયને વધારે સારી રીતે સેવા આપવા રિક્રિએશન સેન્ટર્સના જીર્ણોદ્ધાર કરવાની સીટી ઑફ બ્રેમ્પટનની યોજનાનો ભાગ છે.

બાંધકામ ભૂતપૂર્વ ક્રાફ્ટ રૂમમાં અને પહેલા માળને અડીને આવેલી જગ્યાઓના ભાગમાં કરવામાં આવશે.

નવી જગ્યામાં સહયોગ અને એકતાને પ્રોત્સાહન આપતા આધુનિક ડિઝાઇન તત્વો દર્શાવવામાં આવશે, જેની સાથે અદ્યતન ટેકનોલોજીવાળો બંધ વિસ્તાર હશે જેમ કે ઈલેક્ટ્રોનિક સ્પોર્ટ્સ (ઈ-સ્પોર્ટ્સ), બહુવિધ કાર્યક્રમોની તકો માટે પુલ-ડાઉન ગ્રીન સ્ક્રીન જેમ કે સંગીત, સંગીતમય ગાયકી, સંગીત રચના, DJ તકો અને ઘણું રેકોર્ડિંગ કરવું.

એકવાર બાંધકામ પૂરું થાય એટલે, સ્પોર્ટ્સપ્લેક્સ કમ્યુનિટી યુથ હબ 2023 માં ખુલ્લું મૂકવામાં આવશે જે 14 થી 29 વર્ષ વચ્ચેની ઉંમરના જુવાનિયાઓ માટે એકબીજા સાથે જોડાવા અને સહાયતા કરવા વન-સ્ટોપ-શોપ પૂરી પાડશે.

યુથ હબનું નવીનીકરણ પૂરું થયા પછી, નવી ઊર્જા બચત પહેલો શરૂ થશે. સ્પોર્ટ્સપ્લેક્સમાં ઈમારતના શૂન્ય કાર્બન રિટ્રોફિટને પહોંચી વળવા વધુ બાંધકામ યોજનાઓ સાથેનો ઉમેરો જોવા મળશે. બ્રેમ્પટનના ઘણાં રિક્રિએશનલ સેન્ટર્સ શહેરના ગ્રીનહાઉસ ગેસ (GHG) ઉત્સર્જનોમાં લગભગ 50 ટકા જેટલો ભાગ ભજવે છે.

સીટી ઑફ બ્રેમ્પટને સુઝાન ફેનેલ સ્પોર્ટ્સપ્લેક્સની પસંદગી શૂન્ય કાર્બન રિટ્રોફિટ માટે કરી કારણ કે રિક્રિએશન સેન્ટર દર વર્ષે લગભગ 1,100 ટન જેટલો કાર્બન ડાયોક્સાઇડ છોડે છે, જે 238 ગાડીઓથી ઉત્પન્ન થતા GHG ઉત્સર્જન સમકક્ષ છે. આ સગવડમાં મોટા ભાગના ઉપયોગમાં લેવાતા સાધનોની મોટી સંખ્યા પણ પોતાના જીવનકાળના અંતે પહોંચી છે.

આ પ્રોજેક્ટ વિશે વધુ માહિતી વેબસાઇટ [Brampton.ca](Brampton.ca) પરથી મેળવો.

-30-

**મીડિયા સંપર્ક (MEDIA CONTACT)**
સીટી ઑફ બ્રેમ્પટન મલ્ટીકલ્ચરલ મીડિયા
multiculturalmedia@brampton.ca